# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા.
જુનાગઢ. ગુજરાત(ભારત) ફો.(ઓ) : ૦૨૮૫–૨૬૮૧૪૦૦
Website : http://www.bknmu.edu.in Email. : info@bknmu.edu.in


**પરિપત્ર**

વિષય : એન.એસ.એસ. રાજ્ય કક્ષાના ઝોનલ કેમ્પની કાર્યસૂચિ મોકલવા બાબત.

સંદર્ભ : અત્રેની યુનિવર્સિટીનાં પરિપત્ર ક્રમાંક બીકેએનએમયુ/એન.એસ.એસ./૧૨૩/૨૦૧૮–૧૯, તા.૦૨/૦૮/૨૦૧૮.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ ને જણાવવાનું કે એન.એસ.એસ. સેલ, ઉચ્ચ શિક્ષણ વિભાગ–ગાંધીનગર દ્વારા આયોજીત ત્રિદિવસીય એન.એસ.એસ. ઝોનલ કેમ્પ ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી–જૂનાગઢ ના યજમાનપદે આગામી તા.૧૭ થી ૧૯ ઓગષ્ટ, ૨૦૧૮ દરમિયાન નોબલ ગૃપ ઓફ ઇન્સ્ટીટયુશન્સ, ભેંસાણ રોડ, જૂનાગઢ ખાતે આયોજિત કરેલ છે. આ ઝોનલ કેમ્પ માટે આપની કોલેજનાં સ્વયંસેવકોની યાદી અત્રેની યુનિવર્સિટીનાં એન.એસ.એસ. વિભાગને મોકલાવી આપેલ હશે.

આ સાથે ઝોનલ કેમ્પ કાર્યક્રમસૂચિ સામેલ છે. જેમાં આપના યુનિટનાં સ્વયંસેવકો દ્વારા ૩×૨ ફુટની ડ્રોઈંગશીટમાં “ ગ્રામિણ સંસ્કૃતિ દર્શાવતું” તથા “સ્વચ્છતા અભિયાન” ને લગતાં બે પોસ્ટર્સ તૈયાર કરી થર્મોકોલની શીટ અથવા હાર્ડબોર્ડમાં લગાવી સાથે લાવવાનાં રહેશે. ભાગ લેનાર તમામ યુનિટોમાંથી એક સ્વયંસેવકે વક્તૃત્વ સ્પર્ધામાં તથા ત્રણ સ્વયંસેવકોની એક ટીમે ક્વીઝ સ્પર્ધામાં ભાગ લેવો ફરજીયાત રહેશે. આપના સ્વયંસેવકોની ટીમ સાથે પ્રોગ્રામ ઓફિસર હાજર રહે તે ઈચ્છનીય છે. સમગ્ર ઝોનલ કેમ્પ દરમિયાન દરેક સ્વયંસેવક સ્વયંશિસ્ત જાળવે તે અંગેની સૂચનાઓ આપની કક્ષાએથી આપવી. સ્વયંસેવકોની નિયમિત હાજરીની નોંધ લેવામાં આવશે. ઝોનલ કેમ્પ સમય દરમિયાન ગેરહાજર રહેનાર સ્વયંસેવક પ્રમાણપત્ર માટે હક્કદાર બનશે નહી.

પ્રો. કો–ઓર્ડિનેટર,
એન.એસ.એસ. વિભાગ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.,
જુનાગઢ.

ક્રમાંક: બીકેએનએમયુ/એન.એસ.એસ./૧૪૮/૨૦૧૮–૧૯
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, બિલખા રોડ, ખડીયા, જુનાગઢ.
તા.૧૦/૦૮/૨૦૧૮

પ્રતિ,
– ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન એન.એસ.એસ. યુનિટ ધરાવતી તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ તરફ...

**બિડાણ : એન.એસ.એસ. ઝોનલ કેમ્પની કાર્યસૂચિ**

**નકલ સાદર રવાના :**
– માનનીય કુલપતિશ્રી / કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :**
૧) આઈ.ટી. સેલ તરફ વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવા સારૂ...

# “NOT ME BUT YOU”
## એન.એસ.એસ. સેલ, ઉચ્ચ શિક્ષણ વિભાગ–ગાંધીનગર દ્વારા આયોજીત
## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી–જૂનાગઢ ના યજમાનપદે
### ત્રિદિવસીય એન.એસ.એસ. ઝોનલ કેમ્પ કાર્યક્રમસૂચિ
**સ્થળ : નોબલ ગૃપ ઓફ ઈન્સ્ટીટ્યુશન્સ, ભેંસાણ રોડ, જૂનાગઢ, તા.૧૭/૦૮/૨૦૧૮ થી તા.૧૯/૦૮/૨૦૧૮**

| દિવસ– ૧ તા.૧૭/૦૮/૨૦૧૮ શુક્રવાર | | |
|---|---|---|
| ક્રમ | સમય | કાર્યક્રમ/પ્રવૃત્તિ/સ્પર્ધા |
| 1 | 8:00 a.m. To 9:30 a.m. | રજીસ્ટ્રેશન, ટી–બ્રેકફાસ્ટ, પોસ્ટર સબમિશન, કિટ વિતરણ |
| 2 | 10:30 a.m. To 11:30 a.m. | ઉદ્‌ઘાટન સમારોહ |
| 3 | 12:00 p.m. To 1:00 p.m. | વ્યાખ્યાન :–માન. રેખાબા સરવૈયા, ડેપ્યુટી કલેક્ટરશ્રી, કેશોદ.<br>વિષય :– ભારતીય સંસ્કૃતિ અને સાહિત્ય સર્જન |
| 4 | 1:00 p.m. To 2:00 p.m. | વ્યાખ્યાન :–પ્રો.(ડૉ.) દિપક તેરૈયા,<br>વિષય :– સમાજવ્યવસ્થામાં સ્ત્રી–પુરૂષ સમાનતા |
| 5 | 2:00 p.m. To 3:30 p.m. | ભોજન વિશ્રામ |
| 6 | 3:30 p.m. To 5:00 p.m. | વક્તૃત્વ સ્પર્ધા :– (સમયમર્યાદા પાંચ મિનિટની રહેશે.)<br>વિષય :– (૧) ગ્લોબલ વોર્મિંગ (૨) પોતાના ભવિષ્ય માટે યુવાધનની જાગૃતતા (૩) ડિજીટલ ઈન્ડીયામાં યુવાનોની ભૂમિકા<br>નોંધ : દરેક યુનિટમાંથી ફક્ત એક સ્વયંસેવક ભાગ લઈ શકશે. |
| 7 | 6:00 p.m. To 6:30 p.m. | ક્વીઝ લેખિત પરીક્ષા :– (૫૦ માર્કસનું ઓબ્જેક્ટીવ પેપર)<br>દરેક યુનિટમાંથી ત્રણ સ્વયંસેવકોની એક ટીમ ભાગ લઈ શકશે.<br>પ્રથમ પાંચ ક્રમાંક મેળવનાર ટીમો વચ્ચે બીજા દિવસે ફાઈનલ સ્પર્ધા કરવામાં આવશે. |
| 8 | 6:30 p.m. To 7:45 p.m. | રાત્રી ભોજન વિશ્રામ |
| 9 | 8:00 p.m. To 10:00 p.m. | સાંસ્કૃતિક કાર્યક્રમ : એન.એસ.એસ. સ્વયંસેવકો દ્વારા |
| દિવસ– ૨ તા.૧૮/૦૮/૨૦૧૮ શનિવાર | | |
| 1 | 7:00 a.m. To 8:00 a.m. | ચા–નાસ્તો |
| 2 | 8:00 a.m. To 10:30 a.m. | વૃક્ષારોપણ કાર્યક્રમ |
| 3 | 11:00 a.m. To 12:00 p.m. | વ્યાખ્યાન :–પ્રો.(ડૉ.)મહેન્દ્રસિંહ પરમાર<br>વિષય :– રાષ્ટ્રીય સેવા યોજનામાં યુવાનોની ભૂમિકા |
| 4 | 12:00 p.m. To 1:00 p.m. | વ્યાખ્યાન :–પ્રો.(ડૉ.) કે.એસ.લિખીયા, કુલપતિશ્રી, ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર<br>વિષય :– યુવાવિકાસ રાષ્ટ્ર વિકાસ |
| 5 | 1:00 p.m. To 2:30 p.m. | ભોજન વિશ્રામ |
| 6 | 3:00 p.m. To 5:00 p.m. | ક્વીઝ મેઈન રાઉન્ડ<br>(લેખિત પરીક્ષામાં પ્રથમ પાંચ ક્રમાંક મેળવનાર ટીમો વચ્ચે) |
| 7 | 5:00 p.m. To 6:00 p.m. | સ્વયંસેવકોની સ્વૈચ્છિક અભિવ્યક્તિ<br>(એકપાત્રી અભિનય, લોકગીત, દુહા, છંદ, ભજન, લગ્નગીત, ધૂન વગેરે) |
| 8 | 6:30 p.m. To 7:30 p.m. | રાત્રી ભોજન |
| 9 | 8:00 p.m. To 10:30 p.m. | પ્રેરણાત્મક ફિલ્મ |
| દિવસ– ૩ તા.૧૯/૦૮/૨૦૧૮ રવિવાર | | |
| 1 | 6:00 a.m. To 8:00 a.m. | આરોગ્યવર્ધક કસરતો તથા પ્રાણાયામ |
| 2 | 8:30 a.m. To 9:30 a.m. | ચા નાસ્તો |
| 3 | 10:00 a.m. To 11:00 a.m. | બૌદ્ધિક રમતો |
| 4 | 11:00 a.m. To 12:00 p.m. | વ્યાખ્યાન :–ડૉ.મેહુલ રૂપાણી, સિન્ડીકેટ સભ્યશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ<br>વિષય :– રાષ્ટ્ર ઘડતરમાં યુવાનોની ફરજ |
| 5 | 12:00 p.m. To 1:00 p.m. | વ્યાખ્યાન :–ડૉ.પરાગ દેવાણી, કો–ઓર્ડિનેટર, એન.એસ.એસ., B.K.N.M.U.,<br>વિષય :– કારકિર્દી અને રોજગારલક્ષી માર્ગદર્શન |
| 6 | 1:00 p.m. To 2:30 p.m. | ભોજન વિશ્રામ |
| 7 | 3:00 p.m. To 4:30 p.m. | સમાપન સમારોહ તથા પ્રમાણપત્ર વિતરણ |

**✡ સમય સંજોગોને આધીન કાર્યસૂચિમાં ફેરફાર શક્ય છે.**